# હું અહાનના કપડા ચોરતી હતી: અનન્યા પાંડે



“એવી વ્યક્તિ, જેની સામે હું મારી દરેક લાગણી સહજતાથી વ્યક્ત કરી શકું અને તે મારા વિશે કંઈ ખોટું ન વિચારે એવી વ્યક્તિ, જેની ઉર્જા સકારાત્મક હોય અને જે ખરેખર તમને વધુ સારી વ્યક્તિ બનાવે

શો-શા

‘સ્ટુડન્ટ ઓફ ધ યર-૨’થી કારકિર્દીની શરૂઆત કરનાર અનન્યા પાંડેને શરૂઆતમાં સ્ટાર કિડ હોવાને કારણે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ સમય જતાં તેણે ‘પતિ પત્ની ઔર વો’ અને ‘ડ્રીમ ગર્લ ૨’ જેવી ફિલ્મોમાં કામ કરીને પોતાની અભિનય ક્ષમતા સાબિત કરી બતાવી છે. સોશિયલ મીડિયા પર તે પોતાના રમતિયાળ કેપ્શન, કેમેરા પાછળની મસ્તી તેમજ તેના પાલતુ શ્વાનો - રાયોટ, હની અને થમ્પરના ફોટા શેર કરતી રહે છે. અહીં પણ તે અમારી સાથે એટલી જ દિલ ખોલીને વાત કરે છે.

**બોલિવૂડમાં નેપોટિઝમની ચર્ચા ઘણી થતી હોય છે. શું તેના કારણે તું પ્રેશર અનુભવે છે?**

સાચું કહું તો હું પ્રેશર અનુભવતી નથી. જ્યાં સુધી મારા કામની વાત છે, ત્યાં સુધી હું અત્યારે જ્યાં છું તેનાથી ખુશ છું. દરેક ફિલ્મ સાથે હું પોતાની પાસેથી ઘણી અપેક્ષા રાખું છું. હું નસીબદાર છું કે દર્શકોએ પણ મને અને મારા કામને પસંદ કર્યું છે. એટલે હું તેને પ્રેશર તરીકે નહીં, પરંતુ પ્રેરણા તરીકે લઉં છું. રહી વાત સગાવાદની, તો તેના વિશે ઘણી ચર્ચા થઈ ચૂકી છે અને મને નથી લાગતું કે મારા કંઈપણ કહેવાથી તેમાં કોઈ ફરક પડશે. દીકરી તરીકે મને મારા પિતા પર ગર્વ છે અને મને આશા છે કે હું પણ મારા માતા-પિતાને મારા પર ગર્વ થાય એવું કામ કરી શકીશ.

**આજે તું સફળતાને કેવી રીતે જુએ છે?**

સફળતાની વ્યાખ્યા સમય સાથે બદલાતી રહે છે. જ્યારે મેં શરૂઆત કરી હતી ત્યારે હું ફક્ત પોતાને મોટા પડદા પર જોવા માંગતી હતી. મારું ત્યારે માત્ર એટલું જ સપનું હતું અને તે સપનું પૂરું પણ થયું. પરંતુ ખરેખર તો સફર ત્યાંથી શરૂ થાય છે. પ્રાપ્ત કરવા માટે ઘણું બધું હોય છે. તમે અનેક લોકો સાથે કામ કરવા માંગો છો અને વિવિધ પ્રકારની ફિલ્મો કરવાનો પણ વિચાર હોય છે. મારા માટે સફળતાનો અર્થ શક્ય તેટલું વૈવિધ્યસભર કામ કરવું અને આવનારી પેઢી પર પોતાની છાપ છોડવી એ છે. જેવી રીતે આપણે અમુક ફિલ્મો જોઈને મોટા થયા છીએ, તેવી જ રીતે આવનારી પેઢી પણ મારી ફિલ્મો જોઈને મોટી થાય અને તે ફિલ્મો તેમના મન પર પ્રભાવશાળી છાપ છોડી જાય. ત્યારે મને લાગશે કે મને સાચી સફળતા મળી છે.

**શું તું પોતાની ટીકા કરે છે?**

હા, પરંતુ સ્વસ્થ રીતે. હું ક્યારેય પોતાને નીચું નથી આંકતી. હું રચનાત્મક રીતે પોતાની ટીકા કરું છું. હું પોતાને નિષ્પક્ષ રીતે જોવાનો પ્રયત્ન કરું છું અને મારે શું સુધારવાની જરૂર છે તે નક્કી કરું છું. મારી આસપાસના લોકો પણ એવા છે, જે મને પ્રામાણિકપણે સાચું કહે છે. મારી ટીમ પણ મને સાચું કહે, તે જ મને ગમે છે. મારા ડિરેક્ટર્સ અને પરિવારજનો પણ રચનાત્મક પ્રતિસાદ આપે છે કે શું સુધારી શકાય અને શું બદલવાની જરૂર છે. તેથી હું કહીશ કે આ એક સ્વસ્થ બાબત છે.

**લોકપ્રિય ફિલ્મો કરવા અને અર્થપૂર્ણ ભૂમિકાઓ કરવા વચ્ચે તું કેવી રીતે સંતુલન જાળવે છે?**

ખરેખર, મને નથી લાગતું કે હવે કોઈને પણ ખબર હોય કે ‘લોકપ્રિય’ ફિલ્મ કઈ કહેવાય. કલાકાર તરીકે આપણે એવી ફિલ્મ પસંદ કરીએ છીએ, જેમાં આપણને કંઈક શીખવા મળે, પડકારજનક ભૂમિકા ભજવવાની તક મળે અથવા જેની વાર્તા આપણને મહત્વપૂર્ણ લાગે અને તેનો ભાગ બનવાનું મન થાય. ઘણી વખત કોઈ ચોક્કસ દિગ્દર્શક અથવા અભિનેતા સાથે કામ કરવાની તક પણ ફિલ્મ પસંદ કરવાનો આધાર બને છે.

‘લોકપ્રિયતા’ ક્યારેય કામ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હોતી નથી, કારણ કે ફિલ્મનું પરિણામ શું આવશે તેની અગાઉથી કોઈને ખબર હોતી નથી. ક્યારેક મોટા વ્યાપારી ધોરણની ફિલ્મો પણ દર્શકોને પસંદ આવતી નથી, જ્યારે ક્યારેક નાની અથવા વિશિષ્ટ ફિલ્મો દર્શકો સાથે વધુ સારી રીતે જોડાઈ જાય છે. એટલે હું ફિલ્મોને ‘લોકપ્રિય’ અને ‘અર્થપૂર્ણ’ એવા બે ભાગમાં નથી જોતી. ફિલ્મ રિલીઝ થયા પછી જ ખબર પડે છે કે તે કેટલી લોકપ્રિય બની છે. આ બાબત આપણા હાથમાં હોતી નથી.

**તારા માટે પ્રેમની પરિભાષા શું છે? શું તે સમય સાથે બદલાય છે?**

હું હંમેશાં માનતી આવી છું કે ‘પ્રેમ એટલે દોસ્તી’ અને આ વાત મારા માટે હંમેશાં સાચી રહેશે. કારણ કે તમે જેને પ્રેમ કરો છો, તે વ્યક્તિ તમારી શ્રેષ્ઠ મિત્ર પણ હોવી જોઈએ. મારા માટે પ્રેમ એટલે એવી વ્યક્તિ, જેની સાથે હું સંપૂર્ણપણે જેવી છું તેવી રહી શકું. એવી વ્યક્તિ, જેની સામે હું મારી દરેક લાગણી સહજતાથી વ્યક્ત કરી શકું અને તે મારા વિશે કંઈ ખોટું ન વિચારે એવી વ્યક્તિ, જેની ઉર્જા સકારાત્મક હોય અને જે ખરેખર તમને વધુ સારી વ્યક્તિ બનાવે.

**તારા કઝિન અહાન પાંડે સાથે તારો કેવો સંબંધ છે?**

અમારી વચ્ચે એક વર્ષનું અંતર છે. અમે સાથે જ મોટા થયા છીએ. અમે લગભગ ૧૩-૧૪ વર્ષના હતા ત્યાં સુધી સાથે જ રહ્યા હતા. અમે એક જ બિલ્ડિંગના એક જ ફ્લોર પર રહેતા હતા અને અમારું મિત્રવર્તુળ પણ એક જ હતું. અહાન મારા, અલાના અને રાયસા પ્રત્યે ખૂબ પ્રોટેક્ટિવ અને પઝેસિવ હતો અને આજે પણ છે. હવે મને લાગે છે કે હું પણ તેના માટે એટલી જ પ્રોટેક્ટિવ બની ગઈ છું. અમે ખૂબ ઝઘડતા પણ હતા. હું અહાનનાં કપડાં, ખાસ કરીને તેના ઓવરસાઇઝ ટી-શર્ટ્સ, ચોરીને પહેરી લેતી હતી. તેની સાથેનો આ ગાઢ સંબંધ હંમેશાં એવો જ રહેશે. •

# એક્ટિંગનો સૌથી ટફ પાર્ટ? જેનેલિયા દેશમુખ




**આજેની તારી સૌથી મોટી આઇડેન્ટિટી શું?**
એક્ટ્રેસ અને મોમ.
**કરિયરનો સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ?**
પહેલી હિટ ફિલ્મ.
**પહેલી ફિલ્મ સાઇન કરતી વખતે શું લાગ્યું?**
એક્સાઇટમેન્ટ.
**કરિયરની સ્પેશિયલ ફિલ્મ?**
‘તુઝે મેરી કસમ’.
**ક્યું કેરેક્ટર દિલની નજીક?**
અદિતિ.
**કરિયરનો ચેલેન્જિંગ ફેઝ કયો?**
લાંબો બ્રેક.
**કમબેક કરવું કેટલું મુશ્કેલ હતું?**
ખૂબ જ ચેલેન્જિંગ.
**ઇન્ડસ્ટ્રીમાં સૌથી મોટો બદલાવ?**
OTT.
**સાઉથ ઇન્ડસ્ટ્રીએ શું શીખવ્યું?**
ડિસિપ્લિન.
**ફેમની સૌથી સુંદર વાત કઈ?**
ફેન્સનો લવ.
**કરિયર કે ફેમિલી, ફર્સ્ટ પ્રાયોરિટી?**
ફેમિલી.
**કરિયર અને ફેમિલીનું બેલેન્સ કેવી રીતે?**
પ્લાનિંગથી.
**સ્ટ્રેસ આવે ત્યારે શું કરો?**
મ્યુઝિક સાંભળું.
**એક્ટ્રેસ ન હોત તો શું હોત?**
ટીચર.
**ડાન્સ કે એક્ટિંગ, શું મુશ્કેલ?**
ડાન્સ.
**એક્ટિંગમાં કોની સાથે સ્પર્ધા?**
મારી જાત સાથે.
**OTT કે બિગ સ્ક્રીન?**
બંને.
**એક્ટિંગનો સૌથી ટફ પાર્ટ?**
ઇમોશન્સ.
**હજુ કયું ડ્રીમ અધૂરું છે?**
સારા કેરેક્ટર્સ.
**નવા એક્ટર્સને શું એડવાઇસ આપશો?**
હાર્ડ વર્ક.
**રોમેન્ટિક કે કોમેડી ફિલ્મ?**
કોમેડી. •

# ગરબા ક્વીનનો જાદુ ઓસરી ગયો કે કળા બદલાઈ?

**ભલે ફાલ્ગુની નવા આલ્બમ ન બનાવતી હોય, પરંતુ તેમનું ક્રેઝ જરાય ઓછું થયું નથી, જ્યારે પણ નવરાત્રી આવે છે, ત્યારે આખી દુનિયામાં ફાલ્ગુની પાઠકના અવાજ વિના નવરાત્રી અધૂરી જ ગણાય છે**

મ્યુઝિક

ગુજરાતી સંગીત જગત અને ખાસ કરીને નવરાત્રીનું નામ પડે એટલે સૌથી પહેલો ચહેરો નજર સમક્ષ આવે, તે છે આપણા સૌની વ્હાલી ફાલ્ગુની પાઠક! લાલ ડ્રેસ, ગોળ ચશ્મા, ખભે લટકાયેલું ગિટાર અને અવાજમાં એવી જાદુઈ તાકાત કે સાંભળનાર આપોઆપ ઝૂમી ઉઠે. 90ના દાયકાના અંતમાં અને 2000ની શરૂઆતમાં ફાલ્ગુની પાઠકે એક પછી એક સુપરહિટ આલ્બમ્સ આપીને ધૂમ મચાવી દીધી હતી. તેમના ગીતો આજે પણ પક્ષીઓની જેમ કાનમાં ગુંજ્યા કરે છે.

પરંતુ, સવાલ એ થાય છે કે આપણી ગરબા ક્વીન હવે નવા આલ્બમ્સ કેમ નથી બનાવતી? શું તેમનો જાદુ ઓસરી ગયો છે કે પછી પડદા પાછળ કોઈ બીજું જ રહસ્ય છુપાયેલું છે? ચાલો, આ રસપ્રદ સવાલનો જવાબ શોધીએ!

**એ જમાનો યાદ છે? જ્યારે કેસેટ અને સીડી માટે પડાપડી થતી!**

એ જમાનો અલગ જ હતો! વર્ષ 1998માં આવેલું ફાલ્ગુની પાઠકનું આલ્બમ ‘યાદ પિયા કી આને લગી’ હોય, કે પછી ‘મેને પાયલ હૈ છનકાઈ’ અને ‘ચડી રે ચડી’ આ ગીતોએ યુવા વર્ગને ઘેલા કરી દીધા હતા.

દરેક કેસેટની દુકાન પર આ ગીતો વગાડવામાં આવતા અને લોકો લાઈનો લગાવીને કેસેટ ખરીદતા. ફાલ્ગુનીના મ્યુઝિક વિડિયોઝમાં એક સાદી, ક્યૂટ લવ સ્ટોરી જોવા મળતી, જે દરેકના દિલને સ્પર્શી જતી. લોકો તેમને માત્ર ગાયિકા તરીકે નહીં, પણ પોતાના ઘરના સભ્ય તરીકે પ્રેમ કરતા હતા.



**તો પછી અચાનક આલ્બમ્સનું પૂર કેમ સુકાઈ ગયું?**

આજકાલ ફાલ્ગુની પાઠક નવા આલ્બમ્સ કે ગીતો રિલીઝ કરતા નજરે નથી ચડતા.

90ના દાયકામાં ઈન્ડિ-પોપ અને પ્રાઈવેટ આલ્બમ્સનો સુવર્ણ કાળ હતો. સમય બદલાયો અને બોલિવૂડ ફિલ્મોના ગીતોનું અને રીમેક કલ્ચરનું પભુત્વ વધી ગયું. હવે સંગીત કંપનીઓ પ્રાઈવેટ આલ્બમ્સ પાછળ મોટો ખર્ચ કરવાના બદલે ફિલ્મી ગીતો પર વધુ ધ્યાન આપે છે.

આજે આખા આલ્બમનો જમાનો રહ્યો નથી. માત્ર ‘સિંગલ ટ્રેક’ લોન્ચ થાય છે. ફાલ્ગુની પાઠકનો અંદાજ પૂરા આલ્બમ અને લાઈવ પર્ફોર્મન્સ સાથે જોડાયેલો છે, જે આજના અસ્થિર સોશિયલ મીડિયા ટ્રેન્ડ્સ સાથે હંમેશાં ફિટ નથી બેસતો.

ફાલ્ગુની પાઠક માટે નવરાત્રી એટલે કે ડોમિનેશન! આખા વર્ષ દરમિયાન વિદેશી ટૂર, લાઈવ કોન્સર્ટ્સ અને ખાસ કરીને નવરાત્રીમાં તેમનો સમય એટલો વ્યસ્ત હોય છે કે તેમને સ્ટુડિયોમાં બેસીને નવા આલ્બમ બનાવવાનો સમય જ નથી મળતો. લોકો તેમને લાઈવ સાંભળવા માટે પાગલ છે અને ફાલ્ગુની પણ પોતાના ચાહકોને લાઈવ સ્ટેજ પર જ ભરપૂર મનોરંજન પૂરું પાડે છે.

ભલે ફાલ્ગુની નવા આલ્બમ ન બનાવતી હોય, પરંતુ તેમનું ક્રેઝ જરાય ઓછું થયું નથી, જ્યારે પણ નવરાત્રી આવે છે, ત્યારે આખી દુનિયામાં ફાલ્ગુની પાઠકના અવાજ વિના નવરાત્રી અધૂરી જ ગણાય છે. “મેને પાયલ હૈ છનકાઈ” આજે પણ એટલું જ તાજું લાગે છે જેટલું બે દાયકા પહેલાં લાગતું હતું. •